કેસ દાખલ થયા તારીખ: ૧૬/૦૨/૨૦૨૪
કેસ રજી.થયા તારીખ: ૧૬/૦૨/૨૦૨૪
કેસ ફેંસલ થયા તારીખ : ૩૦/૦૬/૨૦૨૬
સમયગાળો: ૦૨ વરસ ૦૪ માસ ૧૪ દિવસ

---

**બાયડ ના મહે. અધીક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમા,**
**મુ. બાયડ, જી. અરવલ્લી.**

---

ફોજદારી કેસ નંબર:– ૩૧૦/૨૦૨૪
આંક:–

શ્રી સરકાર ...ફરીયાદી

વિરુધ્ધ

લક્ષ્મણસિંહ વક્તુસિંહ ચૌહાણ
ઉ.વ.આ.૪૦ વર્ષ, ધંધોઃ
રહે. ચાંદરેજ,તા.બાયડ, જી.અરવલ્લી.

...આરોપી

ગુન્હો:– ઇ.પી.કો. ની કલમ– ૨૭૯,૩૩૭,૩૩૮, તથા એમ.વી.એકટ ની કલમ–૧૭૭, ૧૮૪ ,૧૩૪(બી) મુજબ

---

**:: વકીલશ્રી ઓ::**

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી વી.બી. પ્રજાપતિ,
આરોપી પક્ષે વિ.વ.શ્રી કે.બી.ઠાકોર

---

**// ચુકાદો//**

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ– ૦૩/૦૬/૨૦૨૩ ના કલાક–૧૬/૦૦ વાગે મોજે ડાભા ગામની સીમમાં હાઈવે રોડ ઉપર ફરિયાદી તથા ઈર્જા પામનાર સાહેદ કિંજલ ઉ.વ.૧૨ નાની ડાભા ગામની સીમમાં આવેલ હોટલ ઉપર નાસ્તો લેવા ગયેલ હતા અને નાસ્તો લઈ પરત રોડની સાઇડમાં ઉભા હતા તે દરમ્યાન મો.સા.નં– જી.જે.૦૯.આર.૯૦૩૦ નો ચાલક પોતાના કબ્જાની મો.સા. બાયડ તરફેથી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી સાહેદ કિંજલને ટક્કર મારતા ડાબા પગે ફેક્ચર કરી તેમજ જમણા પગે ઈર્જાઓ કરી મો.સા લઈ નાસી જઈ ઇ.પી.કો.કલમ – ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ. જે ગુન્હાની ફરીયાદ ફરીયાદીઃ બેનીબેન વા/ઓ નાનજીભાઈ અરજણભાઈ વાદીનાએ જાહેર કરતા આ કામના આરોપી સામે ઇ.પી.કો.કલમ– ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબની ફરીયાદીમાં આંબલીયારા પોલીસ સ્ટેશન ગુના.રજી.નં–૧૧૧૮૮૦૦૧૨૩૦૧૩૧/૨૦૨૩ થી રજીસ્ટરે લઈ આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા આરોપી સામે ઇ.પી.કો.કલમ– ૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના ગુન્હા સબબનુ ચાર્જશીટ કરવામાં આવેલ.

**૨.** ચાર્જશીટના આધારે ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમંસ કરવામાં આવતા આરોપી જાતે તથા તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા અને આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી આંક ૧ નીચે કર્યા બાદ ફરીયાદ પક્ષના કેસના આક્ષેપો અનુસાર ગુનાની વિગતે આંક– ૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા અને તેની વિગતો તેઓને વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા અને કેસમાં બચાવ કરવાનું જણાવતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**૩.** ત્યારબાદ આ કામે પક્ષકારોએ ચાલુ ટ્રાયલ દરમ્યાન આરોપી અને ફરીયાદ પક્ષ વચચે ઘરમેળે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ હોય પક્ષકારો દવારા સમાધાન કરવા પરવાનગી માંગતા પક્ષકારોને સમાધાન રજુ કરવા પરવાનગી આપવામા આવેલ અને આંક– ૨૯ થી સમાધાન પુરસીસ રજુ કરતા જે નીચે હુકમ મુજબ આરોપીઓને આઇ.પી.સી કલમ –૩૩૭,૩૩૮ સમાધાનપાત્ર ગુનો

હોય તે કામે ક્રિ.પ્રો.કોડ ની કલમ ૩૨૦(૧)(૨)(૮)મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ. જયારે બાકીની કલમો સમાધાનપાત્ર ન હોય તે પુરતુ આરોપી વિરુધ્ધ આ કેસની કાર્યવાહી કાયદેસર આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. જે હકીકત ન્યાયીક રીતે લક્ષમાં લેવામાં આવે તો આ કેસ આંક– ૨૯ ના સમાધાન પુરસીશના હુકમ બાદ આઇ.પી.સી ની કલમ– ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબ પુરતો જ નિર્ણીત કરવાનો રહે છે.

**૪.** સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ જે નીચે મુજબ છે.

(અ) ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક પુરાવો:–

૧. આંક–૧૮ થી ફરીયાદી બેનીબેન નાનજીભાઇ વાદી

૨. આંક–૨૦ થી સાહેદ કિંજલબેન નાનજીભાઇ વાદી

(બ) ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો:–

૧. આંક– ૧૯ થી ફરીયાદ.

૨. આંક– ૨૧ થી ડ્રાઇવિંગ લાયસન્સ તથા પીયુસી તથા આરસી બુક

૩. આંક– ૨૨ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું

૪. આંક– ૨૩ થી પંચનામું

૫. આંક– ૨૪ થી ૨૫ સારવાર સર્ટીફીકેટ

૬. આંક–૨૬ થી આઇ.આર.એ.ડી.રીપોર્ટ

**૫.** આ સિવાય ફરીયાદપક્ષે કોઈ વિશેષ પુરાવો રજુ કરવો નથી તેવું આ કામના ફરીયાદી તથા સાહેદો દવારા આંક –૨૭ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરતા ફરીયાદપક્ષે આ સિવાય કોઈ વિશેષ પુરાવો રજુ થયેલ નથી.

**૬.** ઉપરોકત વિગતોએ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદમાં આ કામ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી વી.બી. પ્રજાપતિ ની તેમજ બચાવપક્ષે વિ.વ. શ્રી કે.બી.ઠાકોરની દલીલો સાંભળેલ છે.

**૭.** આ કામે મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે :

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપીઓએ તારીખ–૦૩/૦૬/૨૦૨૩ ના કલાક–૧૬/૦૦ વાગે મોજે ડાભા ગામની સીમમાં હાઈવે રોડ ઉપર ફરિયાદી તથા ઈર્જા પામનાર સાહેદ કિંજલ ઉ.વ.૧૨ નાની ડાભા ગામની સીમમાં આવેલ હોટલ ઉપર નાસ્તો લેવા ગયેલ હતા અને નાસ્તો લઈ પરત રોડની સાઇડમાં ઉભા હતા તે દરમ્યાન મો.સા.નં–જી.જે.૦૯.આર.૯૦૩૦ નો ચાલક પોતાના કબ્જાની મો.સા. બાયડ તરફેથી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી સાહેદ કિંજલને ટક્કર મારતા ડાબા પગે ફેક્ચર કરી તેમજ જમણા પગે ઈર્જાઓ કરી મો.સા લઈ નાસી જઈ ઈ.પી.કો.કલમ – ૨૭૯ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

**૮.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**૯.** ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત સાબીત કરવા માટે આંક – ૧૮ થી ફરીયાદી બેનીબેન નાનજીભાઈ વાદીને તપાસવામા આવેલ છે. આ ફરીયાદી તેમની સોગંદપરની જુબાની મા ફરીયાદની હકીકતોને અંશત સમર્થન આપી પોતાની સરતપાસમા અકસ્માતનો બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, ફરિયાદીને અકસ્માતમાં સામાન્ય ઈર્જાઓ થયેલ અને કિંજલબેનને બન્ને પગમાં વાગેલ હોવાની હકીકત જણાવેલ છે. આ ફરીયાદી આંક–૧૯ ની ફરીયાદમા પોતાની સહી ઓળખી બતાવી રજુ રાખેલ છે. તેવી જ રીતે આ કામે તપાસવામા આવેલ અન્ય સાહેદો પૈકી આંક – ૨૦ થી સાહેદ કિંજલબેન નાનજીભાઈ વાદીએ તેમની જુબાની દરમ્યાન ફરીયાદની હકીકતોને અંશત સમર્થન આપી પોતાની સરતપાસમા અકસ્માતનો બનાવ બનેલ હોવાની અને અકસ્માતમાં પોતાને પગમાં વાગેલ અને ફેક્ચર થયેલ હોવાની હકીકતને સમર્થન કરે છે પરંતુ આ અકસ્માત આરોપીની

બેદરકારીને કારણે થયેલો હતો અને આરોપીએ પોતાના હવાલાનુ વાહન પુરજડપે અને બેદરકારી ભરી રીતે હંકારી અકસ્માત કરેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદોએ સ્પષ્ટ રીતે જણાવેલ નથી.

**૧૦.** આ સીવાય આંક– ૧૯ થી ફરીયાદ, આંક– ૨૧ થી ડ્રાઈવિંગ લાયસન્સ તથા પીયુસી તથા આરસી બુક, આંક– ૨૨ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આંક– ૨૩ થી પંચનામું, આંક– ૨૪ થી ૨૫ સારવાર સર્ટીફીકેટ, આંક–૨૬ થી આઇ.આર.એ.ડી.રીપોર્ટ.બચાવપક્ષે કબુલ કરતા તે આ કામે રજુ રાખેલ છે. પરંતુ મુખ્ય પુરાવાના અભાવમા આ દસ્તાવેજો પણ આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા પુરતા નથી જેથી આ તમામ દસ્તાવેજો પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય સાબીત થતા નથી.

**૧૧.** આમ ઉપરોકત વિગતે ફરીયાદી તથા સાહેદ જણાવે છે તે મુજબ ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનવા પામેલ નથી અને ફરીયાદી સાહીતના મુખ્ય સાહેદોએ ફરીયાદને સમર્થન આપેલ ન હોય અને તેઓએ જુબાની આપવાનું ટાળેલ છે અને સાહેદોએ પણ ફરીયાદને સમર્થન આપેલ નથી તેના કારણમાં એવું જણાય છે કે ફરીયાદી પક્ષને હાલનો આ કેસ આગળ ચલાવવામા રસ નથી. તેમજ આ કામના ફરીયાદ પક્ષે આંક–**૨૯** ની સમાધાન પુરસીસ અને **આંક– ૨૭** થી કલોઝીંગ પુરસીસ આપેલ છે જે જોતાં પણ ફરીયાદપક્ષે આ કામે આ સિવાય કોઈ વિશેષ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આ કામે અન્ય સાહેદોને પણ તપાસવામાં આવેલા નથી ત્યારે અહી ફરીયાદપક્ષે આ કામે ખરેખર બનાવ બનેલ કે કેમ ? બનાવ કઈ રીતે બનેલ ? બનાવના કામે ખરેખર કોની બેદરકારી હતી ? કયું વાહન બનાવના કામે સંડોવાયેલા છે ? આ તમામ પ્રશ્નો સંદર્ભે કોઈ જ પુરાવો રજુ થતો નહી હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવું છે અને સમગ્ર ચર્ચાના અંતે અહી ફરીયાદપક્ષ આરોપીની વિરુધ્ધના આક્ષેપ કે, આ કામના આરોપીઓએ તારીખ–૦૩/૦૬/૨૦૨૩ ના કલાક–૧૬/૦૦ વાગે મોજે ડાભા ગામની સીમમાં હાઈવે રોડ ઉપર ફરિયાદી તથા ઈર્જા પામનાર સાહેદ કિંજલ ઉ.વ.૧૨ નાની ડાભા ગામની સીમમાં આવેલ હોટલ ઉપર નાસ્તો લેવા ગયેલ હતા અને નાસ્તો લઈ પરત રોડની સાઈડમાં ઉભા હતા તે દરમ્યાન મો.સા.નં–જી.જે.૦૯.આર.૯૦૩૦ નો ચાલક પોતાના કબ્જાની મો.સા. બાયડ તરફેથી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી સાહેદ કિંજલને ટક્કર મારતા ડાબા પગે ફેક્ચર કરી તેમજ જમણા પગે ઈર્જાઓ કરી મો.સા લઈ નાસી જઈ ઈ.પી.કો.કલમ

– ૨૭૯ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનું સબળ, શ્રેષ્ઠ, સચોટ, વિશ્વસનીય અને સમર્થનકારી પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય અને આ હકીકતો ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ન હોય તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી અને શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવાનું ઠરાવી મુદા નં.૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ક. ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.કલમ– ૨૭૯ તથા એમ.વી.એક્ટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન સી.આર.પી.સી ની કલમ ૪૩૭(એ) અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૩૦ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

બાયડ
તારીખ: ૩૦/૦૬/૨૦૨૬.

**(વિજયકુમાર ચંદુલાલ મકવાણા)**
એડી ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
બાયડ, જી. અરવલ્લી.
**JUDGE CODE NO. 00997**